## વાત ગાંધીનગરની

ઘેરાયેલા વાદળોની વચ્ચે શહેરની સવાર પડી હતી. થોડાક છાંટા પણ પડ્યા. વરસાદી માહોલ પણ થયો પરંતુ દોઢ-બે કલાકમાં તો વાદળો ગાયબ અને માહોલએય ગાયબ અને ભારે ઉકળાટમાં વધુ એક દિવસ પસાર થયો. જોકે મોડીરાત્રે વરસાદી ઝાપટું વરસ્યું હતું.

**હવે કકળાટ ઓછો કરો, કામ વધુ કરો...**

મહાનગરપાલિકા ભાજપના રોજીંદા કકળાટથી કંટાળેલા ભાજપના મોવડીઓએ મત વિસ્તારના કામો કરવા જણાવ્યુ છે. ચૂંટણી એપ્રિલમાં જ આવશે એમ માનીને કામમાં ઢીલાશ ન રાખશો. નવેમ્બરમાં રાજ્યની તમામ મનપાની સાથે ગાંધીનગરની પણ ચૂંટણી યોજાઈ શકે છે. આ માત્ર ગર્ભિત ઈશારો છે એવુ નથી, ખુલ્લંખુલ્લા તમામ માટે સૂચના ગણો તો સૂચના, ચિમકી ગણો તો ચિમકી માની શકાય. હવે અંદરો-અંદર કકળાટ બંધ કરી આગામી ચૂંટણીમાં પક્ષના વિજય માટે અત્યારથી મહેનત શરૂ કરશો તો પક્ષને સ્પષ્ટ બહુમતિ અપાવી શકશો.

**ટ્યુશન વર્ગોની બોલબાલા**

ઓનલાઈન શિક્ષણના વિવાદ વચ્ચે વાલીઓ પોતાના સંતાનોને શહેરના પ્રતિષ્ઠિત ટ્યુશન વર્ગોમાં ઓનલાઈન તો ઓનલાઈન શિક્ષણ માટે અગ્રતા આપતા દેખાય છે. સ્વનિર્ભર શાળાના સંચાલકો અને સરકાર વચ્ચે ફી મામલે હુંસાતુંસી ચાલી રહી છે પરિણામે વિદ્યાર્થીઓને ભોગવવુ પડી રહ્યું છે. અને તેના ઉપાય તરીકે વાલીઓ પોતાના સંતાનનુ વર્ષ ન બગડે તે માટે દોડાદોડી કરીને પણ સારા ગણાતા ટ્યુશન વર્ગોમાં પ્રવેશ મેળવી રહ્યા છે. હવે તો પ્રતિષ્ઠિત સ્કૂલો કરતા પ્રતિષ્ઠિત ટ્યુશન વર્ગોની બોલબાલા છે.

**'બાપુ' અને 'બાપા' છવાયા**

પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપાના ૯૩ મા જન્મદિને સોશીયલ મીડિયા પર સમર્થકો અને શુભેચ્છકોએ ખૂબ મોટી સંખ્યામાં શુભેચ્છા પાઠવતી પોસ્ટ મુકી હતી. જ્યારે ત્રણ દિવસ પૂર્વે જ જેમનો જન્મ દિવસ ગયો છે એવા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના ૮૦ વર્ષે પણ યુવાનને શરમાવે તેવી શારીરિક કસરતના વીડિયો સોશીયલ મીડિયામાં છવાયા છે. આમ ગુજરાતના બંને પૂર્વ મુખ્યમંત્રીઓ અને એક વખતના ઘનિષ્ઠ સાથીદારો 'બાપુ' અને 'બાપા' આખો દિવસ સોશીયલ મીડિયામાં છવાયેલા રહ્યાં.

**પાટીલની રેલી પાટનગરમાં ગાજી**

ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ આજે સવારે પ્રથમવાર સુરત જવાના હોવાથી એરપોર્ટ પર પંદરસોથી બે હજાર ગાડીઓનો કાફલો ખડકાયો હતો. સાથે જ પ્રસિદ્ધ બેન્ડની સુરાવલીઓ વાગતા દશ્યો ચેનલોમાં દેખાતા ગાંધીનગરના વીઆઈપીઓની ચેનલમાં ઘુસપુસ શરૂ થઈ. આ રોકાવુ જ જોઈએ એવો મત પરસ્પર વ્યક્ત કરાતો હતો પરંતુ અળખુ થવા કોઈ તૈયાર નહોતુ. આખરે વાત દિલ્હી પહોંચાડાઈ અને દિલ્હીથી ફરમાન કરાયુ કે કોરોનાના કાળા કહેરમાં સુરત જેવા હોટસ્પોટમાં આવા દેખાડાઓ બુમરેંગ સાબીત થઈ શકે છે. દિલ્હીના ફોનના પગલે પલકારામાં રેલી રદ થઈ અને સૌને પોત પોતાના ઘરે જવાના આદેશો અપાયા. આમ મોટી ટીકામાંથી પહેલા જ દિવસે પાટીલ બચી ગયા.

**'અર્ક' આજનો...**

જ્યાં સુધી મનમાં ખોટ અને દિલમાં પાપ છે ત્યાં સુધી બધા મંત્રી-જાપ બેકાર છે...

# ગાંધીનગર શહેરનો રૂંધાંતો વિકાસ

**ગાંધીનગરની રચના થયે સાડા પાંચ દાયકા વિતી ગયા છતાં હજુ અન્ય શહેરો જેટલી રોનક અહીં દેખાતી નથી : અમેરિકાની એક યુનિવર્સિટીએ તાજેતરમાં એક સર્વે કરી શહેરના વિકાસને અવરોધતા પરિબળો-કારણો શોધી કાઢ્યા છે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરનો એક આગવો-અલગ મિજાજ છે. અહીંનું શાંત પ્રાકૃતિક વાતાવરણ કેટલાકને ગમે છે તો કેટલાક યુવાનોને આ શહેર નીરસ લાગે છે. તેઓ નાઈટ લાઈફ અને વાયબ્રન્સીની તલાશમાં છેક અમદાવાદ સુધી પહોંચી જાય છે. માનીએ કે ન માનીએ પરંતુ ગાંધીનગર શહેરનો વિકાસ એક ચોક્કસ બિંદુ સુધી પહોંચી અટકી ગયો છે. તાજેતરમાં થયેલા એક અભ્યાસમાં આ બાબતનો ખુલાસો તથ્યો સાથે કરવામાં આવ્યો છે.

તાજેતરમાં જ ગાંધીનગર શહેરના વિસ્તારનો વ્યાપ વધારવામાં આવ્યો છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારોનો ગાંધીનગર શહેરમાં સમાવેશ કરાતા શહેરનો વિસ્તાર હવે ૧૪૯ સ્કવેર કિ.મી. જેટલો થયો છે. જો કે ગાંધીનગર શહેરની ગણના જે વિસ્તારમાં થાય છે તે વિસ્તારનો વિકાસ સાડા પાંચ દાયકા બાદ પણ થયો નથી. તાજેતરમાં ઓબર્ન યુનિવર્સિટી, અમેરિકાના પોલીટીકલ સાયન્સ વિભાગે કરેલા એક તારણમાં ગાંધીનગરના વિકાસને અવરોધતા પરિબળોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ અભ્યાસમાં જણાવાયુ છે કે શહેરના વિકાસ મોડેલ મુજબ નક્કી કરવામાં આવેલા કોમર્શિયલ વિસ્તારોનો માત્ર ૨૦ ટકા જેટલો જ વિકાસ થયો છે. વળી શહેરને વિવિધ સુવિધાઓ આપવા તથા તેના પ્રશ્નોના નિરાકરણ માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ગુડા, માર્ગ અને મકાન વિભાગ તથા કેપીટલ પ્રોજેક્ટ જેવી સરકારી એજન્સીઓ કાર્યરત છે. જેમની વચ્ચે સંકલનનો અભાવ હોવાથી શહેરનો વિકાસ જે ઝડપે થવો જોઈએ તે ઝડપે થયો નથી. વળી શહેરની બાંધણી એ પ્રકારની છે કે મકાનો મુખ્ય માર્ગોની સન્મુખ હોવાના બદલે આંતરિક માર્ગો તરફ નીકળે છે. જેના કારણે મુખ્ય માર્ગો ક્યારેક સુના લાગે છે. ગાંધીનગર શહેરમાં હરાજીથી વેચાણ આપવાના ઘણા બધા પ્લોટ હજુ ખાલી છે. આ પ્લોટની હરાજી વિવિધ કારણોસર અટકી પડી છે. જેના કારણે જમીનની અછત સર્જાઈ છે અને જમીનના ભાવો અકલ્પનીય રીતે ખૂબ જ ઉંચા છે. ખૂબ ઉંચી કિંમતના કારણે પણ શહેરનો વિકાસ અટકી પડ્યો છે. કોમર્શિયલ વિસ્તાર માટે ચોક્કસ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે પરંતુ સમયની માંગ અનુસાર તેનો

● અનુસંધાન પાન-૭ પર



# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૧૦, કલોલમાં ૭, માણસા અને દહેગામમાં વધુ ૧-૧ કેસ નોંધાયા : ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગરના ૧૦, માણસા-દહેગામમાં ૧-૧ તેમજ કલોલમાં સાત કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની વધતી જતી સંખ્યાને લઈ તંત્રમાં ચિંતા ઘેરી બની રહી છે.

ગાંધીનગર તાલુકાના કોબા ગામેથી આજે એક જ દિવસમાં ૩ કેસ મળ્યા છે. જેમાં બે મહિલા અને પુરુષનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે એક ૬૫ વર્ષીય સ્ત્રી અને ૭૨ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાઓ કેવી રીતે સંક્રમિત થઈ તેની તંત્ર વિગતો મેળવી રહેલ છે. આ ઉપરાંત કોબામાંથી એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાંથી એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઝુંડાલમાંથી એક ૨૫ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈસનપુર મોટામાંથી પણ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

મગોડી ગામેથી એક ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈસનપુર મોટા અને મગોડીમંથી આ કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે. તદ્દન નવા વિસ્તારો છે.

રાંધેજામાંથી પણ આજે એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં નવા ૮ કેસ નોંધાયા

**વેટરનરી ડોક્ટર, શિક્ષિકા, હેડ કોન્સ્ટેબલ જવાન તેમજ વકીલ પણ કોરોનાની ઝપટમાં : સે. ૩-ન્યુ, સે. ૨૦, સે. ૨૫, સે. ૭-સી, સે. ૧૪, સે. ૪-એ અને ૩-એ માંથી આજે કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા છે. આજે સારવાર દરમ્યાન વધુ ૧ દર્દીનું મૃત્યુ પણ થવા પામ્યુ છે. આ સાથે કોવિડથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૧ થઈ છે.

મળતી વિગતો મુજબ સે. ૩૦ ના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા.

ગાંધીનગર શહેરમાં કોવિડ-૧૯ ના કેસોની સંખ્યા વધીને ૪૧૦ પર પહોંચી છે. કોવિડ-૧૯ ના કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં પણ નવા સેક્ટરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સઘન સર્વેલન્સ સાથે હવે ફાસ્ટ ટ્રેકીંગ પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મનપાની ફુડ સેફટી શાખાએ ૪ દુકાનોમાંથી નમુના લઈ ચકાસણી માટે મોકલ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની ફૂડ સેફટી શાખા દ્વારા છેલ્લા એક સપ્તાહમાં શહેરની ૨૦ જેટલી દુકાનોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે તંત્રની ટીમ દ્વારા સે. ૨૪ માંથી ૩ દુકાનોમાંથી વિવિધ ખાદ્યચીજોના નમુના ચકાસણી માટે લેવાયા છે. આ ઉપરાંત સે. ૨૧ માંથી પણ એક દુકાનમાંથી નમુના મેળવી તેને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે નરેશ ટ્રેડર્સ સે. ૨૪ માંથી સિંગતેલનો નમુનો તેમજ મહાવીર ઓઈલ કોર્પોરેશનમાંથી પણ સીંગતેલનો નમુનો મેળવી ચકાસણી માટે મોકલેલ છે.

સે. ૨૧માં આવેલ હરસિદ્ધિ સેલ્સમાંથી મરચા પાવડર, ધાણા-જીરૂ, હળદર પાવડર તેમજ હીંગના નમુના મેળવી ચકાસણી માટે મોકલાયા છે. આ ઉપરાંત સે. ૨૪ માં આવેલ ભવાની સુપર માર્કેટમાંથી મરચા પાવડર, બેસન, મગદાળ તેમજ આયોડાઈઝડ સોલ્ટના નમુના લઈ ચકાસણી માટે મોકલવામાં આવેલ છે.

## સે- ૩ ન્યુમાં માર્ગ નિર્માણના નજીવા કામ માટે હરિયાળા વૃક્ષો સામે ખતરો

**સ્થાનિકોમાં આક્રોશ : સોસાયટી સામેથી કાચો રસ્તો પસાર થાય છે : ડામર રસ્તાની અનિવાર્યતા નથી : ટુકડો રસ્તો બનાવવા માટે ૨૫ જેટલા વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો**



ગાંધીનગર તા ૨૪

શહેરના સે-૩ એ માં આંતરિક માર્ગના નિર્માણ મામલે સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્તયો છે. સેકટરમાં રહીશોના ઘર પાસેથી પસાર થતા કાચા રસ્તાને અનુલક્ષી નવો ડામર રસ્તો બનાવાની કામગીરી માટે તંત્રએ હાલ સ્થળ સ્થિતિનો અભ્યાસ કર્યો હતો ત્યારે આ ઠેકાણે માર્ગ નિર્માણના કામ માટે અંદાજિત ૨૫ જેટલા વૃક્ષોની કટોતી કરવી પડે તેમ હોવાનુ ધ્યાને આવતા સ્થાનિક રહીશો આગ બબુલા બન્યા છે. શહેરમાં આમ પણ વિકાસના નામે અનેક ઠેકાણે બેફામ વૃક્ષો કપાય છે. હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે ત્યારે સે-૩ ન્યુમાં પ્લોટ નં -૧૪૪ પાસેથી પસાર થતા આ કાચી કેડીને ડામર રસ્તાથી કંડરાવા માટે હરિયાળીનુ નિકંદન વળે તે કોઈ કાળે સ્થાનિકોને પોષાય તેમ

● અનુસંધાન પાન-૭ પર

## શાળા સંચાલકો-સરકારના ગજગ્રાહમાં હતાશાનો શિકાર બનતા શિક્ષકો

**સ્વનિર્ભર શાળાના શિક્ષકોની આજીવિકા પર ગંભીર અસર થાય તેવા સંજોગોમાં સ્વનિર્ભર શાળાના શિક્ષકો - કર્મચારીઓ માટે સરકાર આર્થિક પેકેજ જાહેર કરે તેવી માંગણી**

ગાંધીનગર તા ૨૪

કોરોનાની મહામારીના લીધે જનજીવન પ્રભાવિત છે. જયારે વિદ્યાર્થીઓને ઉજ્જવળ રાહ ચિંધીને તંદુરસ્ત સમાજજીવનનુ નિર્માણ માટે સતત વ્યસ્ત અને મસ્ત રહેતા શિક્ષકો પણ હાલની સ્થિતિમાં હતાશાનો શિકાર બની રહ્યા છે. શિક્ષણ વિભાગ અને શાળા સંચાલક મંડળ વચ્ચેના ગજગ્રાહથી લાખો શિક્ષકો માટે આઘાતજનક સ્થિતિનુ નિર્માણ થાય તેવી દહેશત છે. ત્યારે સ્વનિર્ભર શાળાના શિક્ષકો - કર્મચારીઓ માટે સરકાર સહાનુભુતિ દાખવી આર્થિક સહાય અંગે યોગ્ય પેકેજ જાહેર કરે તેવી રજુઆત સ્વનિર્ભર ગાંધીનગર જિલ્લા શાળા કર્મચારી મંડળે કરી છેકોરોનાની મહામારી દરમિયાન આમ નાગરિકો માટે જીવન નિર્ભર કરવાનુ મુશ્કેલ બની રહ્યુ છે. જયારે હાલના સંજોગોમાં શિક્ષકો માટે પણ આજીવિકા પર પણ ખતરો મંડરાયો છે. જેના લીધે શિક્ષકોના પરિવારોમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. આ સ્થિતિ વચ્ચે લાખો શિક્ષકો પણ હતાશાનો શિકાર બની રહ્યા છે. ત્યારે સરકાર શિક્ષકોને સ્પર્શતા પ્રશ્નો પણ સહાનુભુતિ પુર્વક વિચારે તે અનિવાર્ય છે. સ્વનિર્ભર ગાંધીનગર જિલ્લા શાળા કર્મચારી મંડળ દ્વારા આ અંગે શિક્ષણમંત્રીને રજુઆત કરવામાં આવી છે જેમાં મંડળના દેવાંગ ઠક્કર તેમજ સંજય ડી આશરાએ જણાંવ્યા મુજબ કોરોનાની મહામારીના આ સંજોગોમાં માનવજીવન પ્રભાવિત છે. ત્યારે આ સ્થિતિની ગંભીર અસર શૈક્ષણિક આલમમાં પણ જોવા મળી રહી છે. પ્રવર્તમાન સ્થિતિમાં શાળા સંચાલક મંડળ અને શિક્ષણ વિભાગના ગજગ્રાહ વચ્ચે ભીંસ અનુભવતા શિક્ષકોની દશા બેઠી છે. જયારે આગામી દિવસોમાં રાજયના લાખો શિક્ષકો માટે આ વાતના આઘાતજનક પરિણામ પણ આવી શકે છે. શિક્ષકોની આજીવિકા પર ગંભીર અસર થાય તેમ છે. જેના લીધે લાખો શિક્ષકો તેમજ તેમના પરિવારજનોમાં અત્યારથી ઘેરી ચિંતા પ્રવર્તી છે. વિદ્યાર્થીઓને રાહ ચિંધી તંદુરસ્ત સમાજ જીવનના નિર્માણ માટે મસ્ત અને વ્યસ્ત રહેતા શિક્ષકો જ હાલ મુંઝવણમાં મુકાયા છે. કોરોનાની મહામારી વચ્ચે શિક્ષણ વિભાગ અને સરકાર દ્વારા શિક્ષકોની આર્થિક સ્થિતિ તેમજ તેમના પરિવારજનોના જીવન નિર્વાહના સંવેદનશીલ પ્રશ્નો સંદર્ભે સહાનુભુતિ પુર્વક વિચારણા કરવામાં આવે તે અનિવાર્ય છે. વર્તમાન સમસ્યા ઝડપથી ઉકેલાઈ જશે તેવી આશા પણ મંડળે સેવી છે. પરંતુ સરકાર દ્વારા સ્વનિર્ભર શાળાના કર્મચારીઓ માટે આર્થિક સહાય અંગે યોગ્ય પેકેજ જાહેર કરવામાં આવે તેવી માંગણી પણ જિલ્લા સ્વનિર્ભર શાળા કર્મચારી મંડળે કરી છે.

## પ્રાથમિક શાળાઓમાં રમતગમતનુ મેદાન ઉપલબ્ધ કરવા પ્રાથમિક નિયામકની સુચના

**પ્રાથમિક શિક્ષણાધિકારીઓને મેદાન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પણ તાકીદ કરી**

ગાંધીનગર તા ૨૪

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથે રમતગમતની પ્રવૃતિ પણ મહત્વની છે. શાળાઓમાં રમતગમતનુ મેદન ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે ત્યારે પ્રાથમિક શિક્ષણ નિયામકે જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રમતગમતનુ મેદન ઉપલબ્ધ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પ્રાથમિક શિક્ષણાધિકારીને સુચના આપી છે.

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો એ પ્રાથમિક શિક્ષણનો મહત્વનો હેતુ છે. જયારે વિદ્યાર્થીઓના શારિરીક વિકાસ માટે પણ પ્રયત્નશીલ રહેવુ અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના શારિરીક વિકાસ માટે શાળાઓમાં રમતગમત, યોગ અને સમુહ કવાયતનુ પણ આયોજન કરવામાં આવે છે. પરંતુ રમગગમતનુ મેદાન રાજયની કેટલીક શાળાઓમાં નથી. આ સ્થિતિ વચ્ચે પ્રાથમિક શિક્ષણ નિયામકે પ્રાથમિક શિક્ષણાધિકારીને બાળકોને રમતગમતનુ મેદાન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સુચના આપી છે. શાળાઓમાં રમતગમતનુ મેદાન ન હોવાના મામલે પણ અનેકવાર રજુઆતો પણ થઈ છે.

આ અંગે સરકારની ખાત્રી સમિતિમાં પણ જવાબ રજુ કરવામાં આવે છે. દરેક સરકારી શાળાઓમાં રમતનુ મેદાન ઉપલબ્ધ થાય તે શાળા માટે જમીન સંપાદન કરવા તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખી જરૂરી કાર્યવાહી કરવા પણ પ્રાથમિક શિક્ષણ નિયામકે જણાંવ્યુ છે. આ ઉપરાંત ગ્રામ પંચાયત પણ શાળાને જમીન ઉપલબ્ધ ખરાવે તેવા પ્રયાસો કરવા જણાવાયુ છે. શાળાઓમાં રમતગમતનુ મેદન ઉપલબ્ધ થાય તે માટે પ્રાથમિક શિક્ષણાધિકારી કક્ષાએથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે તેમ પણ જણાંવાયુ છે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com